# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावलम्

## सत्रान्तपरीक्षा–दिसम्बर– २०१८

| | | |
|---|---|---|
| કક્ષા : શાસ્ત્રી–2 (Sem-3) | પેપર નં.: 03 | કુલ ગુણ : 70 |
| વિષય : ગુજરાતી | કોડ નં. GE-2.3.3 (Old) | સમય : 02:00 થી 5:00 |
| તારીખ : ૦૬/૧૨/૨૦૧૮ | સંદર્ભગ્રંથ : અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (સુધારક યુગ અને પંડિત યુગ | |

**પ્રશ્ન–૧** મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યની ભેદરેખા વિગતે વર્ણવો. **૧૪**

અથવા

સુધારક યુગનાં સાહિત્યને પ્રેરનારાં પરિબળો જણાવી તેની લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

**પ્રશ્ન–૨** નર્મદના જીવનકવનની વિગતે ચર્ચા કરો. **૧૪**

અથવા

કવિ કલાપીના જીવનની વિગતો આલેખી તેમના સાહિત્ય સર્જનની ચર્ચા કરો.

**પ્રશ્ન–૩** નીચેનામાંથી કોઈપણ બે સાહિત્ય સર્જનની ચર્ચા કરો. **૧૪**

(૧) 'સરસ્વતીચંદ્ર'
(૨) 'મારી હકીકત'
(૩) 'જયા જયંત'
(૪) 'રાયનો પર્વત'

**પ્રશ્ન–૪ નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં ઉત્તર લખો. ૧૪**

(૧) નિબંધ સાહિત્યસ્વરૂપની વિકાસરેખા વર્ણવો.
(૨) ગુજરાતી સાહિત્યસ્વરૂપ નવલકથાનો વિકાસક્રમ વર્ણવો.
(૩) નાટકની વિકાસરેખા આલેખો.

**પ્રશ્ન–૫ નીચે આપેલા પ્રશ્નોના સાચા ઉત્તર વિકલ્પમાંથી પસંદ કરીને લખો. ૧૪**

(૧) કુમુદ અને કુસુમ કઈ નવલકથાના પાત્ર છે ?

(અ) કરણઘેલો (બ) સરસ્વતીચંદ્ર
(બ) ભદ્રંભદ્ર (ડ) માનવીની ભવાઈ

(૨) 'રાઈનો પર્વત' નાટકના લેખકનું નામ જણાવો.

(અ) નર્મદ (બ) દલપતરામ
(ક) રમણભાઈ નીલકંઠ (ડ) મણિલાલ દ્વિવેદી

(૩) 'મારી હકીકત' સાહિત્યકૃતિનો પ્રકાર જણાવો.

(અ) નાટક (બ) નવલકથા

(ક) નિબંધ (ડ) આત્મકથા

(૪) ઈ.સ.૧૮૫૦ થી ૧૮૮૫ નો સમયગાળો કયા નામે ઓળખાય છે ?

(અ) પંડિતયુગ (બ) ગાંધીયુગ

(ક) સુધારકયુગ (ડ) આધુનિકયુગ

(૫) 'સુધારાનો સેનાની' તરીકે કોણ જાણીતા છે ?

(અ) નર્મદ (બ) દલપતરામ

(ક) ગોવર્ધનરામ (ડ) ન્હાનાલાલ

(૬) 'મિથ્યાભિમાન' નાટકના લેખકનું નામ જણાવો.

(અ) કાન્ત (બ) દલપતરામ

(ક) રમણલાલ નીલકંઠ (ડ) મણિલાલ દ્વિવેદી

(૭) 'જયા જયંત' કૃતિનો પ્રકાર જણાવો.

(અ) નાટક (બ) નવલકથા

(ક) નિબંધ (ડ) આત્મકથા

(૮) પંડિતયુગનો સમયગાળો જણાવો.

(અ) ઈ.સ.૧૮૫૦ થી ઈ.સ.૧૮૮૫ (બ) ઈ.સ.૧૮૮૫ થી ઈ.સ.૧૯૧૫

(ક) ઈ.સ.૧૯૧૫ થી ઈ.સ.૧૯૫૦ (ડ) ઈ.સ.૧૮૫૦ થી ઈ.સ.૧૯૫૦

(૯) 'કુસુમમાળા' કાવ્યસંગ્રહના કવિનું નામ જણાવો.

(અ) કાન્ત (બ) દલપતરામ

(ક) નરસિંહરાવ દિવેટિયા (ડ) મણિલાલ દ્વિવેદી

(૧૦) ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા કઈ છે ?

(અ) 'સરસ્વતીચંદ્ર' (બ) 'સાસુવહુની લડાઈ'

(ક) 'કરણઘેલો' (ડ) 'ભદ્રંભદ્ર'

(૧૧) 'રાઈ', 'જાલકા' વિગેરે પાત્રો કઈ કૃતિ સાથે સંબંધ ધરાવે છે ?

(અ) 'જયા જયંત' (બ) 'રાઈનો પર્વત'

(ક) 'સરસ્વતીચંદ્ર' (ડ) 'મારી હકીકત'

(૧૨) 'લક્ષ્મી' નાટકના લેખકનું નામ જણાવો.

(અ) દલપતરામ (બ) નંદશંકર મહેતા

(ક) નર્મદ (ડ) કાન્ત

(૧૩) ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા કયા લેખક પાસેથી પ્રાપ્ત થાય છે?

(અ) ગોવર્ધનરામ ત્રિપાઠી (બ) દલપતરામ

(ક) નર્મદ (ડ) મણિલાલ દ્વિવેદી

(૧૪) 'કાશ્મીરનો પ્રવાસ' નામનું પ્રવાસ વિષયક પુસ્તક કયા લેખક પાસેથી પ્રાપ્ત થાય છે ?

(અ) નર્મદ (બ) દલપતરામ

(ક) કલાપી (ડ) રમણભાઈ નીલકંઠ

--૦૦--